# કોટન ક્નેક્ટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમીટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજનાં સંયુક્ત ઉપક્રમે કપાસના પાક્ની ટકાઉ ખેતી પધ્ધતિ અંતર્ગત માસ્ટર ટ્રેનર્સની તાલીમ યોજાઇ

કોટનક્નેક્ટ સાઉથ એશીયા પ્રાઇવેટ લીમીટેડ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજનાં સંયુક્ત ઉપક્રમે કપાસના પાકની ટકાઉ ખેતી પધ્ધતિ અંતર્ગત પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ ખાતે કોટન કનેક્ટ કંપની સાથે સંકળાયેલ માસ્ટર ટ્રેનર્સની બે દિવસીય તાલીમ તા. ૧૯/૦૭/૨૦૨૪ થી ૨૦/૦૭/૨૦૨૪ દરમ્યાન આયોજીત કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી અને પાટણ જિલ્લાના વિવિધ વિસ્તારો માંથી કુલ ૪૩ કર્મચારીઓ “માસ્ટર ટ્રેનર્સ” ની તાલીમ માટે હાજર રહેલ. આ તાલીમમાં સસ્ટેનેબલ કોટન પ્રોગ્રામ સાથે સંકળાયેલ કોટન કનેક્ટ કંપનીમાં કાર્યરત આસીસટન્ટ પ્રોગ્રામ મેનેજર શ્રીમતી પુનમ્ રવિ ગેવરીયા અને કીરીટ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. કોટન ક્નેક્ટ પ્રોજેક્ટ દ્વારા સ્પોનસર્ડ તાલીમના ઉદઘાટન સમારંભની શરૂઆતમાં કેવિકે ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. વાય.સી.લકુમ એ સર્વેનું સ્વાગત કર્યું અને કપાસનાં પાક્નું આર્થિક તેમજ ઔદ્યોગિક મહત્વ વિષે ચર્ચા કરી. શ્રીમતી પુનમે જણાવ્યુ કે, કપાસ ની દેશવિદેશમાં ખુબ જ માંગ હોઇ કપાસના પાકમાં ટકાઉ ખેતી પધ્ધતિ તેમજ પર્યાવરણલક્ષી અભિગમ અપનાવી ગુણવત્તાયુક્ત ઉત્પાદનતેમજ વધુ આર્થિક નફો મેળવી શકાય

આ તાંત્રિક કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોમાંથી હાજર રહેલ આમંત્રિત વૈજ્ઞાનિકો દ્વારા જેતે વિષયને અનુરૂપ વિસ્તૃત માહિતીઆપવામાં આવેલ. જેમાં કપાસના પાકમાં સંકલિત પિયત વ્યવસ્થાપન, જળ સંરક્ષણ, પોષણ વ્યવસ્થાપન, આચ્છાદનનું મહત્વ પોષક તત્વોની ખામીથી થતા રોગોની ઓળખ, ખાતરની જરૂરીયાત અને ભલામણો, જીવાત વ્યવસ્થાપન, ગુલાબી ઇયળનાં વ્યવસ્થાનની વ્યુહરચના, નિંદામણની ઓળખ અને વ્યવસ્થાપન, પરાગનયન કરતા કિટકોનું સંરક્ષણ, પાકનાં અવષેશોમાંથી બાયોગેસનું ઉપાર્જન, જમીન વ્યવથાપન, ખેત પર્યાવરણમાં જૈવિક વિવિધતાનું સંરક્ષણ અને જાળવણી, જળવાયુ પરિવર્તન અને અનુકૂલનનાં પગલાંએગ્રોફોરેસ્ટ્રી, કુદરતી વનસ્પતિઓની જાળવણી, કપાસના રોગો, તેની ઓળખ, સંકલીત રોગ નિયંત્રણ, પશુ આરોગ્ય અને પશુ રોગ વ્યવસ્થાપન વગેરે વિષે પુરતી સમજ આપવામાં આવેલ. સદર તાલીમના ભાગરૂપે જૈવિક નિયંત્રણ વિભાગ, બાયોફર્ટીલાઇઝર વિભાગ તેમજ પેસ્ટીસાઇડ રેસીડ્યુ લેબોરેટરીની મુલાકાત દરમ્યાન જે તે વિભાગની પ્રવૃત્તિઓની જાણકારી સર્વે ટ્રેનર્સને આપવામાં આવી. તાલીમના અંતે ફીડબેકમાં ટ્રેનર્સ દ્વારા ખુબજ સારા પ્રતિભાવો મળેલ તથા તેઓએ જણાવ્યું કે આણંદ કૃષિ યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકો દ્વારા મળેલ તાલીમ ખેડૂત સમુદાય ની સેવામાં ખુબજ ઉપયોગી થશે સમગ્ર તાલીમનું સંચાલન કેવિકેનાં વૈજ્ઞાનિક ડો. વાય.સી.લકુમ અને ડો. આર.એમ.પટેલ દ્વારા કરવામાં આવેલ.

# તાલીમની ઝાંખીઓ






